ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૨૭.૦ ડીગ્રી
લઘુતમ : ૨૪.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૩ ટકા ● સાંજે ૯૩ ટકા

# હવે, શહેરમાં ફરાળી વાનગીની થાળી મળશે

## યુવા ભકતો માટે પીઝા, પફ, સેન્ડવીચ સહિત ફરાળી વાનગીઓનો ખજાનો

ગાંધીનગર, તા.૨૩

પવિત્ર શ્રાવણમાસનો પ્રારંભ જ શ્રાવણીયા સોમવારથી થઈ રહ્યો છે. આ વખતે શ્રાવણમાસમાં પાંચ સોમવાર છે. શહેરના શિવ મંદિરોમાં ભકતોની ભારે ભીડ જોવા મળશે.આ માસમાં વિવિધ ધાર્મિક તહેવારોનો પણ સમાવેશ થાય છે. શ્રાવણ માસને શિવની ભકિત અને શકિતનો મહિનો ગણવામાં આવે છે. આ મહિનામાં ભકતો ઉપવાસ કરીને શિવની ભકિત કરે છે. ત્યારે શહેરના બજારમાં વેપારીઓ દ્વારા વિવિધ વાનગીઓ તૈયાર કરવામાં આવી છે. જેમાં કોકોનેટ મિલ્ક બિસ્કીંટ , પાત્રા, બુલબુલ વડા, નાળીયેરી પેટીસ, ખમણ, થેપલા, ભાખરી, પીઝા, પફ, અને સેન્ડવીચ ની સાથો સાથ ફરાળી ફિક્સ થાળીનો પણ સમાવેશ થાય છે. જેમાં થેપલા, સુકીભાજી, રતાળુ રોલ, રસગુલ્લા, ખીચડી, દહી આપવામાં આવશે. શહેરના સ્વાદના શોખીન ભકતો માટે તમામ વાનગીઓમાં ડીશ પ્રમાણે રૂ.૩૦ થી રૂ.૬૦ અને એક ૧ કિલો. રૂ.૨૦૦ થી ૨૫૦ સુધીમાં બજારમાં સરળતાથી મળી રહેશે.

ગાંધીનગર શહેરના શિવભકતો માટે વેપારીઓએ અનોખી વિવિધ ફરાળી વાનગીઓ તૈયાર કરીને રાખી છે. સ્વાદના શોખીન ચટુકડા નગરજનો માટે હવે બજારમાં ફરાળી થાળી, તેમજ યુવા ભકતોને પણ ધ્યાનમાં રાખીને વિવિધ અવનવી ફરાળી વાનગીંઓનો





ખજાનો આવી ગયો છે. જેમાં શિવભકતોને ભુખ્યા રહેવાનો વારો નહીં આવે. સામાન્ય દિવસોમાં જે પણ નાસ્તો કરતા હોય છે તે તમામ મોટાભાગની ચીજવસ્તુ ફરાળમાં તૈયાર છે. જેથી સાબુદાણાની ખીચડી, બફવડા, વિવિધ ચેવડા તો ભકતો માટે કોમન બની ગયા છે. ત્યારે વેપારીઓએ ખાસ શ્રાવણમાસને ધ્યાને લઈને ફરાળી ડ્રાય ભેળ, ટમટમ, ફુલવડી, સીંગ ભુજીયા, તલવડા, આલુ પાપડી, ખટ્ટામીઠ્ઠા, ખાખરા, લાડુ, સાબુદાણા પેટીસ, પાત્રા, ઢોકળા, લીલીભેળ, આલુ ટીક્કી, સમોસા, મોરૈયાની ખીચડી, લીલો નડીયાદી ચેવડો, બટાકાની ખીચડી, દહીંવડા, હાંડવો, કટલેસ, ખજુર પેટીસ સહિતની વાનગીઓનો ખજાનો બજારમાં આવી ગયો છે. આ અંગે શહેરના યુવા અગ્રણી વેપારી વિપુલ સુખડીયાના જણાવ્યા અનુસાર શ્રાવણ માસમાં દરેક ભકતોને ધ્યાને રાખીને દર વર્ષે કંઈક નવું ફરાળી બજારમાં લાવવાની કોશીશ કરીએ છીએ.જેથી ભકતોને પણ પોતાને ભાવતી અને મનગમતી ફરાળી વાનગી નો ખજાનો મળી રહે.જેથી તે સરળતાથી ફરાળ કરી શકે, પહેલા માત્ર ચેવડો કે સાબુદાણાની ખીચડી કે મીઠાઈનો ક્રેઝ હતો. પરંતુ બદલાતા સમયને ધ્યાને રાખીને અમારે પણ ફરાળમાં વિવિધતા લાવવી પડે છે.

## @ગાંધીનગર

● સે-૨૩ સ્વામિનારાયણ મંદિરમાં કલામંડિત મૃતિકા પાત્રના હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫.૦૦ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● સે-૨૧ શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે લીલા મેવાના હિંડોળા સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● શ્રીમાળી બ્રાહ્મણ સમાજ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ કિશોરભાઈ ત્રિવેદી શાશ્વત ઓર્થોકેર હોસ્પિટલ પ્લોટ નં. ૧૪૫, સે-૨૨ પંચદેવ મંદિર પાસે યોજાશે.

● સમસ્ત બ્રહ્મસમાજ સેકટર-૨૬ ગાંધીનગર દ્વારા પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે શિવ મહિમ્ન પાઠ વિષ્ણુ પ્રસાદ જાની, પ્લોટ નં. ૬૬૧/૧, કિસાનનગર, સે-૨૬ ખાતે રાત્રીના ૯ થી ૧૦ દરમિયાન યોજાશે.

● સે-૩૦ ઝુલેશ્વર મહાદેવ ખાતે પવિત્ર શ્રાવણ માસના પ્રથમ દિવસે ૧૦૮ દિવડાઓની મહાઆરતી સાંજે ૬.૩૦ કલાકે યોજાશે.

● પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે રામધામ વાવોલ ખાતે રામકથાનો પ્રારંભ

# ગાંધીનગર લાયન્સ કલબને ઉત્તમ કામગીરી બદલ શ્રેષ્ઠ કલબનો એવોર્ડ

ગાંધીનગર, તા.૨૩

પંડિત દિનદયાલ ઉપાધ્યાય ઓડિટોરીયમ, અમદાવાદ ખાતે વર્ષ ૨૦૧૬-૧૭ની સમાપ્તિ નિમિત્તે એવોર્ડ ફંકશનનું આયોજન ડિસ્ટ્રીકટ ૩૨૩-બી ગવર્નર યોગેશ દવેના નેતૃત્વમાં કરવામાં આવ્યું હતું. સમગ્ર વર્ષ દરમિયાન થયેલા સુંદર સેવાકાર્યોને નવાજતા કાર્યક્રમમાં મંત્રી વલ્લભભાઈ કાકડીયાજી, ઈન્ટરનેશનલ ડિરેકટર પ્રવિણ છાજેડ અને ડિસ્ટ્રિકટ ગવર્નર જિતેન્દ્ર જૈન ઉપસ્થિત રહ્યા હતા. લાયન્સ કલબ ઈન્ટરનેશનલના મહત્વના પદાધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલ આ સન્માન સમારંભમાં ડિસ્ટ્રીકટ ૩૨૩-બીના લગભગ ૧૦૦ કલબના સભ્યો અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર લાયન્સ કલબને વર્ષ દરમિયાન ઉત્તમ કામગીરી બદલ, દ્વિતીય-શ્રેષ્ઠ કલબનો એવોર્ડ એનાયત થયો હતો. આ ઉપરાંત સેવાના ક્ષેત્રો જેવા કે નેત્રનિદાન કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ, યુવા વિકાસ, પર્યાવરણ સુરક્ષા, ડાયાબીટીસ જાગૃતિ અભિયાન, 'ભૂખ્યાને




ભોજન' વગેરેમાં નોંધનીય કામગીરી બદલ ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. મેમ્બરશીપ ગ્રોથ ક્ષેત્રે પણ સુંદર ટ્રોફી અર્પણ કરાઈ હતી. સુંદર કામગીરી થકી લાયન્સ કલબ ગાંધીનગરનું ગૌરવ વધારવા બદલ ગાંધીનગર કલબના પાસ્ટ ડિસ્ટ્રીકટ ગવર્નર હરેન્દ્ર શુકલા, યોગેન્દ્ર પટેલ, સર્વે ભૂતપૂર્વ પ્રમુખ નિમેષ રાવલ તેમજ ટીમને હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

લાયન્સ પરિવારની મહિલા પાંખ લાયોનેસ કલબ તેમજ યુવા પાંખ લીયો કલબને પણ શ્રેષ્ઠ કામગીરી બદલ એવોર્ડ પ્રાપ્ત થયા હતા. પ્રમુખ દેવલબેન જોષી તથા કથન ત્રિવેદીને અભિનંદન આપી તેમની કામગીરીને બિરદાવી હતી. પ્રમુખ નિમેષ રાવલે સબળ નેતૃત્વ દ્વારા કલબનું સુકાન સુપેરે સંભાળ્યું હતું. તે બદલ ટીમનો આભાર માન્યો હતો. ડિસ્ટ્રીકટ ૩૨૩૨-બીના કવેસ્ટ કાર્યક્રમના ચેરમેન તરીકે નિયુકત થઈ પોતાની સેવાઓ આપશે.

# સે-૨૪ સ્વામી વિવેકાનંદ શાળાના બાળકોને જેસીઆઈ દ્વારા ટાઈમ મેનેજમેન્ટની ટ્રેનીંગ

ગાંધીનગર, તા.૨૩

ગાંધીનગર શહેરના સેકટર-૨૪ સ્થિત સ્વામી વિવેકાનંદ સ્કુલના ૩૧ જેટલા બાળકોને જેસીઆઈ દ્વારા ટાઈમ મેનેજમેન્ટની તાલિમ જેસીઆઈ પ્રમુખ ડો. પરાગી ગાંધી દ્વારા આપવામાં આવી હતી. જેમાં બાળકોને ટેન્શન દુર કરીને પરિક્ષામાં કેવી રીતે સારા માર્ક લાવી શકાય તેની સમજણ પુરી પાડવામાં આવી હતી. આ પ્રસંગે શાળાના બાળકો અને જેસીઆઈના સભ્યો હાજર રહ્યા હતા.




ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ સ્વ.અબ્દુલ કલામજીની પુણ્યતિથિના ભાગરુપે જેસીઆઈ ગાંધીનગર દ્વારા સતત પાંચ ટ્રેનીંગનું આયોજન કરવામાં આવ્યું હતું. આજના બાળકો જે આવતીકાલનું ભવિષ્ય છે. તેઓને મેનેજમેન્ટ પાવરની વિસ્તૃત સમજણ આપવા સે-૨૪ની વિવેકાનંદ શાળા ખાતે સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમીનારનું ઉદઘાટન નહેરુ યુવા કેન્દ્રના રજનીકાંત સુથારના હસ્તે કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે શાળાના આચાર્યા હેમલત્તાબેન, જાગૃતિબેન મહેતા,ધવલ ત્રિવેદી, જેસી હિતેશ પરમાર, ફાલ્ગુની ભાવસારની ઉપસ્થિત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ જેસીઆઈ પ્રમુખ ડો.પરાગી ગાંધી દ્વારા શાળાના ૩૧ બાળકોને ટાઈમ મેનેજમેન્ટની તાલિમ આપવામાં આવી હતી. જેમાં ટી-ટેન્શન, આઈ-હું, એમ- માર્કસ, ઈ- એકઝામ, દ્વારા બાળકોને ટેન્શન દુર કરી પરિક્ષામાં કેવી રીતે પોતાની મહેનતથી સારા માર્કસ લાવવા, તેની વિવિધ પ્રવૃતિઓ, ઉદાહરણો દ્વારા કેવી રીતે પરિક્ષાનું ટાઈમ ટેબલ બનાવવું, તે સમજાવવામાં આવ્યું હતું.આજના સ્પર્ધાત્મક યુગમાં સમયનું પાલન યોગ્ય રીતે કરવામાં આવે તો જ બાળકો સારી રીતે જીવનમાં આગળ વધી શકે છે. જયારે બાળકોએ પોતાના જીવનમાં પાલન કરવાનું જણાવ્યું હતું.

## વાતવાતમાં

● સોમવારથી પવિત્ર શ્રાવણ માસનો પ્રારંભ થઈ રહ્યો છે જેને આવકારવા શહેરના અનેક મંદિરોમાં વિશેષ સાજ શણગારથી સજાવટ કરવામાં આવી છે. આ વખતે શ્રાવણ માસનો પ્રારંભ સોમવારથી જ થતો હોવાથી શહેરના શિવાલયોમાં દર્શનાર્થીઓની અપેક્ષિત ભીડને અનુલક્ષીને તૈયારીઓ હાથ ધરવામાં આવી છે.

● શહેરના ચ-૨ થી ઘ-૨ તરફના માર્ગે એક ગટર ચેમ્બરનું ઢાંકણ તુટી જવા પામ્યું છે. વરસાદી માહોલમાં આ ગટર ચેમ્બરનો કોઈ ભોગ ના બને તે હેતુથી સાવચેત કરવા ગટર ચેમ્બર પર ઝાડની ડાળીઓ તોડીને મુકવામાં આવી છે.

## વાવોલમાં વરસાદી માહોલમાં વિજળી વેરણ થવાની સમસ્યા ત્રાસરૂપ

ગાંધીનગર, તા.૨૩

વરસાદી રમઝટ સાથે જ ગાંધીનગરના સૌથી નજીકના ગુડા વિસ્તાર વાવોલમાં ફરી એકવાર વિજળી વેરણ થવાની સમસ્યાએ માથુ ઉંચકયું છે. આજે વરસાદી ઝરમરીયા વચ્ચે માધવન ફલેટ સામેનો ઈલેકટ્રીક પોલ તુટી ગયેલો હોવાથી બદલવાની કામગીરીના પગલે લાઈટો બંધ રખાઈ હતી. આ સિવાય પણ વારંવાર આ વિસ્તારમાં લાઈટો ગુલ થવાની સ્થિતિ સર્જાતા રહીશો પરેશાનીનો ભોગ બની રહ્યાં છે. વારંવાર લાઈટો જવાને કારણે મોબાઈલ ફોન ચાર્જીંગથી માંડીને અનેક અગત્યના કામો અટકી પડે છે. ઘરમાં જરુરી ઉપકરણો ઉપરાંત લેપટોપ, કોમ્પ્યુટર્સ સુધ્ધાં બંધ થઈ જતા હોવાથી તેને આધારિત નાગરિકો મુશ્કેલીમાં મુકાય છે. વળી લાઈટ-પંખા બંધ રહેતા માખી-મચ્છર જેવા રોગજન્ય જીવાણુઓનો ઉપદ્રવ પણ સમસ્યારૂપ બનવા પામે છે.

## આઈ લવ માય ગાંધીનગર



**જયરાજસિંહ વાઘેલા**

નગરસેવક

**ગાંધીનગર ગમે**

રહેવા માટે, રોજગારી માટે, ખીલવા માટે ને ખેલવા માટે શ્રેષ્ઠ નગર હોવાથી ગાંધીનગર ગમે છે.

**નગરજનો**

શિક્ષિત અને બીજાંની કદર કરનારા, બીજાંની દરકાર લેનારા નગરજનો આ શહેરમાં વસે છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

ગણી ન શકાય એટલા વ્યક્તિઓ અને સંસ્થાઓ આ શહેરમાં ને શહેરના સીમાડા બહાર પણ અગણિત સેવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરે છે, જે સૌને મારા સલામ છે.

**નગરને બહેતર બનાવવા**

સ્વચ્છતા બાબતે ધ્યાન ધરાય અને યુવાઓ તથા મહિલાઓની સક્રિય કામગીરીને કામે લગાડાય તો નગરને અવશ્ય બહેતર બનાવી શકાય એમ છે.

**નગર માટે હું કરી શકું**

વ્યક્તિત્વ વિકાસ, બહુજન હિત માટેના સઘળા ઉપક્રમો માટે મારી સેવા, સહાય આપવા માટે હું તૈયાર છું.

# બાબુજી ધીરે ચલના, બારીશ મેં જરા સંભલના..!!

## આહલાદક વરસાદી મોસમને માણજો જરૂર પણ સાથે આ મોસમના જોખમો ગણી કેટલીક સાવચેતી પણ રાખશો તો મજા બેવડાશે



લાગ્યું એવું લખ્યું
સમીર રામી

ગાંધીનગર, તા.૨૩

ચોતરફ ચોમાસું તરબતર થઈને જામ્યું છે. ઉનાળાની કાળઝાળ ગરમી પછી મન મુકીને વરસતી આ મોસમ શરીરે અને હૈયે ટાઢક અર્પે છે અને એમાં પ્રારંભના વરસાદમાં માટીની મનમોહક સુગંધ સૌ કોઈના મનને રસતરબોળ કરે છે. જો કે આ મોસમ જેમ જેમ આગળ વધે છે તેમ તેમ તેના સૌંદર્યના પડ એક પછી એક ખુલતા જાય છે અને કેટલીક વાસ્તવિકતા સામે આવતી જાય છે. આ વાસ્તવિકતામાં વરસાદી માહોલમાં દાખવેલી થોડીક બેદરકારીના કારણે સર્જાતા મોટા જોખમોના કિસ્સા સર્જાતા જોવા મળે છે. દરેક સિક્કાની બે બાજુ હોય છે તેમ જ અદભૂત સૌંદર્ય ધરાવતી આ અનેરી મોસમની બીજી બાજુ એટલી જ બરછટ વાસ્તવિકતા ધરાવે છે. પરંતુ થોડી સાવધાની આ ઋતુના જોખમોથી બચાવે છે.

વરસાદી રમઝટના પ્રારંભ સાથે સૌથી પહેલી સમસ્યા રસ્તાઓ પર પાણીના ભરાવાની સર્જાય છે. જેમ પહેલા વરસાદમાં માટીની સુગંધ ચારેકોર ફેલાઈ જાય છે તેમ પહેલા વરસાદમાં ટુ વ્હીલર ચાલકોની 'સ્લીપ' થઈ જવાના કિસ્સા પણ લગભગ તમામ ચાર રસ્તે સર્જાય છે. આમ પણ વરસાદી મોસમનું સૌથી વધુ જોખમ ટુ-વ્હીલર ચાલકોને જ ઉઠાવવું પડતું હોય છે. આપણે ત્યાં આટલા વિકાસ પછી પણ હજુ એવી ટેકનોલોજી નથી મળી શકી જેમાં વરસાદી ઝાપટામાં નવા બનાવેલા રોડ પર એટલિસ્ટ પાંચ વર્ષ સુધી કોઈ ખાડા ના પડે. અહીં તો પાંચ ઝાપટા પછી રોડ કયાં બનાવ્યો છે તે શોધવો મુશ્કેલ થઈ જાય છે. કેટલીક જગ્યાએ તો દર વર્ષે નિયમિત ખાડા સર્જાતા હોય છે અને ઓર્થોપેડિક ડોકટર્સની ઓપીડી વધારી આપતા હોય છે. વરસાદી પાણી ભરાતા ખાડો કેટલો ઊંડો છે તે કળવું વાહન ચાલક માટે મુશ્કેલ બની જાય છે. માટે આ માહોલમાં અજાણ્યા માર્ગો પર વાહન લઈને જવું અત્યંત જોખમી હોય છે. બિસ્માર થઈ જતા માર્ગો સાથે બીજુ જોખમ રોડ પરની ગટર ચેમ્બરો છે. નિચાણ વાળા વિસ્તારમાં પાણીના ભરાવાને ઓછો કરવા કોઈ પણ જાતના જોખમસૂચક બોર્ડ કે આડશો લગાવ્યા વગર જ ગટર ચેમ્બરોના ઢાંકણા ખોલી નાંખવા તે જે તે વિસ્તારના હરખપદુડાઓનો મુખ્ય શોખ હોય છે પરંતુ આ ખુલ્લી ગટરો ગમે ત્યારે ચાલતા જતા રાહદારી કે ટુ વ્હીલર ચાલક માટે મોતના કુવા સમાન સાબિત થતી હોય છે.





ચાલુ વરસાદે રોડ પર પલળવાનો આનંદ ઉઠાવવા નીકળતા લબરમૂછીયાઓમાં જોખમી સ્ટંટ કરવાનો ક્રેઝ પણ જીવલેણ સાબિત થઈ ઉઠે છે. આમ પણ વરસાદી માહોલમાં રોડ પરના રખડતા ઢોરનું છાણ કે મળ જેવી ગંદકી જલદી સુકાતી નથી અને માર્ગ પર એટલી ચીકાશ પેદા કરે છે કે સાવધાનીથી ચાલતો વાહનચાલક પણ નાની અમથી ભૂલમાં રોડ માપતો થઈ શકે છે. ડ્રાઈવીંગ સાથે વાહન પાર્કિંગ પણ આ સીઝનમાં સમજી વિચારને કરવુ જરુરી છે નહીં તો એવું પણ બની શકે કે તમે વાહન પાર્ક કરીને ગયા હોવ અને પાછા ફરો ત્યારે વાહન આડુ પડી આરામ કરતું હોય અથવા કાર એવી ખૂંપી ગઈ હોય કે બહાર કાઢવા તેને ટોઈંગ વ્હીકલ બોલાવવું પડે. ગમે તે સ્થળે ગમે ત્યારે 'ભૂવા' પડી જવા અથવા માટીની ભેખડો ધસી પડવી જેવા જોખમો પણ જોવા મળે છે. ખાસ કરીને જયાં તાજુ ખોદકામ કરીને પુરાણ કર્યુ હોય ત્યાં વરસાદના પાણીથી મોટી બેસી જવી સ્વાભાવિક હોય છે આમ છતાં પુરાણકર્તાઓ તે વાસ્તવિકતાને ધ્યાનમાં રાખીને પહેલેથી વધુ માટીનું પુરાણ કેમ નહી કરતા હોય તે હજી સમજાયું નથી.

ગાંધીનગર જેવા હરિયાળા શહેરમાં વરસાદી મોસમમાં અચાનક ઝાડ પડવાની ઘટનાઓ અનેક બનતી હોય છે. આ ઉપરાંત વાવાઝોડા-વંટોળ-કરા સાથે વરસાદમાં વૃક્ષની ડાળીઓ તુટીને પડવી સામાન્ય બાબત હોય છે. આ સમયે રસ્તા પરથી પસાર થતા ચોતરફ ધ્યાન રાખવું અને ખૂબ મોટા નમી પડેલા જોખમી જણાતા વૃક્ષોની નજીક જવું જોખમકારક છે. ખખડધજ ગરનાળા કે કોઝ-વે જેવા પુલ પરથી પસાર થતા અત્યંત સાવધાની આવશ્યક છે. નદી, નાળા કે પાણીના વહેણ નજીક કે તેની અંદર ઉભા રહી 'સેલ્ફી' લેવી અત્યંત જોખમી છે કારણ કે કયારે પાણીનું વહેણ વધી જાય કે પલ્ટાઈ જાય તે કળવું મુશ્કેલ હોય છે. ચોમાસાની સીઝનમાં નદીમાં નહાવાનું રિસ્ક તો ટાળવું જ જોઈએ અને કોઝવે ઉપરથી વહેતા પાણીમાં વાહન લઈને પસાર થવું એ મોટી મુર્ખામી સાબિત થતા વાર નથી લાગતી. ચોમાસાની ઋતુમાં ઘનઘોર વાદળો અને ઘણીવાર ધુમ્મસભર્યા વાતાવરણને કારણે 'વિઝીબિલીટી' ખૂબ ઓછી થઈ જાય છે. આ સ્થિતિમાં વાહન ડ્રાઈવીંગ અત્યંત જોખમી છે, જો કરવું જ પડે તેમ હોય તો વાહનની હેડલાઈટો ચાલુ રાખીને જ કરવું જોઈએ અને ચાલુ વરસાદમાં વાહનની સ્પીડ તો અત્યંત ધીમી જ હોવી જોઈએ. આ ઋતુમાં બાંધકામ ચાલુ હોય તેવા અર્ધ તૈયાર સ્ટ્રકચરો પાસેથી પસાર થવાનું જોખમ સ્હેજ પણ ના લેવું. ગૃહિણીઓએ ધાબા પર કપડાં સુકવતા વિજળીના કે ટીવી ચેનલના વાયરોથી દૂર રહેવું તેમજ બાળકોએ બહાર રમતી વખતે વિજળીના થાંભલા, ખુલ્લી ડીપી કે વાયરોથી વેગળા રહેવું જ હિતકારક બને.

ચોમાસું એ સરીસૃપો માટે ફુડફેસ્ટિવલ સમાન હોય છે તેથી તેમની સક્રિયતા વધુ જોવા મળે છે. વરસાદને કારણે આડેધડ ઊગી નીકળતી ઝાડીઓમાં ઝેરી જીવજંતુ-સરિસૃપોથી સાવચેતી રાખવી. તાજેતરમાં સોશ્યલ મિડિયા પર પણ ચોમાસામાં રાખવાની સાવધાનીના સંદેશા ફરજો જોવા મળે છે. જેમ કે આ ઋતુમાં લાંબા અતંરની અને રાત્રિની મુસાફરી ટાળવી, ઘરની વ્યકિતઓ સાથે સતત સંપર્કમાં રહેવું, ટોર્ચ, માચીસ, મીણબત્તી અને દોરડું હાથવગુ રાખવું વગેરે વગેરે. ટૂંકમાં ચોમાસું એ જનજીવનનો આધાર જરૂર છે પરંતુ આ ઋતુમાં દાખવેલી જરાક જેટલી બેદરકારી 'જીવન'ને ખોરવી નાંખતા વાર નથી કરતી માટે જ કહું છું, 'બાબુજી ધીરે ચલના, બારીશ મેં જરા સંભલના...!!'

- પ્રતિભાવો આવકાર્ય : samirtalod@yahoo.com

## ચિરવિદાય

- સ્વ. પૂજાબેન સુરસંગજી સોલંકી, ઉ.વ. ૯૫
- સ્વ. નટવરભાઈ છનાભાઈ દંતાણી, .વ. ૪૭
- સ્વ. વિદ્યાબેન સંજયભાઈ દંતાણી, ઉ.વ. ૩૫
- સ્વ. ગોવિંદભાઈ લલ્લુરામ રાવલ, ઉ.વ. ૬૬